# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1. વેનેઝુએલામાં વિનાશક ભૂકંપને કારણે 32 ના મોત- કટોકટી જાહેર. જાનહાની અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કર્યું.
2. કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલે જણાવ્યું કે, ઉર્જા પ્રણાલીઓના નિર્માણ માટે બ્રિક્સ સહયોગને મજબૂત બનાવવા માટે ભારતના પ્રયાસ.
3. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે, વિશ્વ શસ્ત્રીકરણ, પડકારો અને સોશિયલ મીડિયા યુગ સંલગ્ન રાજકારણ તરફ જઇ રહ્યુ છે.
4. વારાણસીમાં લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી પ્રથમ "ઇઝી કનેક્ટ" ફ્લાઇટ સેવાનો પ્રારંભ .
5. દક્ષિણ આફ્રિકાએ સાઉથ કોરિયા પર વિજય મેળવીને પ્રથમ વખત ફિફા વર્લ્ડ કપના નોકઆઉટમાં પ્રવેશ કર્યો.

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# DAY VENEZUELA - EARTHQUAKE

વેનેઝુએલાના કારાકાસ અને આસપાસના વિસ્તારોમાં આજે આવેલા 7.2 અને 7.5 ની તીવ્રતાના ભૂકંપને કારણે 32 લોકોના મૃત્યુ અને 700 થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે.

ભૂકંપને કારણે અનેક ઇમારતો ધરાશાયી થઈ હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. વેનેઝુએલાના રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે દેશમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી છે.

રાષ્ટ્રને સંબોધન કરતા તેમણે આગામી સૂચના સુધી શાળાઓ અને બિન-આવશ્યક પ્રવૃત્તિઓ સ્થગિત કરવાની જાહેરાત કરી. તેમણે સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં જાહેર અને ખાનગી આરોગ્ય નેટવર્કને પણ સક્રિય કર્યું છે.

# PM- VENEZUELA EARTHQUAKE

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને વેનેઝુએલામાં આવેલા ભૂકંપમાં મૃત્યુ પામેલા લોકોના પરિજનો અને ઇજાગ્રસ્તો માટે દુ:ખ વ્યક્ત કર્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વેનેઝુએલામાં આવેલા વિનાશક ભૂકંપથી થયેલા વિનાશ પર શોક વ્યક્ત કરતાં વેનેઝુએલાની સરકાર અને લોકો, ખાસ કરીને પ્રિયજનો ગુમાવનારાઓના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમણે ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી હતી અને શક્ય તમામ સહાયની ખાતરી આપી છે.

# MANOHAR BRICS MEETING

કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલે જણાવ્યું કે, ભારત ઉર્જા પ્રણાલીઓના નિર્માણ માટે બ્રિક્સ સહયોગને મજબૂત બનાવવા માંગે છે. ગુરુગ્રામમાં બ્રિક્સ ઉર્જા મંત્રીઓની 11મી બેઠકનું ઉદ્ઘાટન કરતા તેમણે કહ્યું કે, વિકાસલક્ષી આકાંક્ષાઓ અને ટકાઉ વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે સસ્તી, વિશ્વસનીય અને ટકાઉ ઉર્જા અનિવાર્ય છે.

સમગ્ર ઉર્જા મૂલ્ય શૃંખલામાં ભારતના રોકાણો અંગે વાત કરતાં તેમણે કહ્યું કે. ભારત વિશ્વની સૌથી મોટી ડિજિટલી સક્ષમ વીજળી પ્રણાલીઓમાંની એકનો પાયો નાખી રહ્યું છે.

# EAM-KOREA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું હતું કે, વિશ્વ શસ્ત્રીકરણ, પડકારો અને સોશિયલ મીડિયા યુગ સંલગ્ન રાજકારણ તરફ જઇ રહ્યુ છે. દક્ષિણ કોરિયામાં જેજુ ફોરમ ફોર પીસ એન્ડ પ્રોસ્પેરિટી 2026 ને સંબોધતા ડૉ. જયશંકરે કહ્યું કે ભિન્નતાઓ પર ભાર મૂકવાની વૃત્તિ વધી છે અને તેને અનુરૂપ ક્ષમતાઓ પણ ઉપયોગમાં લેવાય છે.

તેમણે જણાવ્યું હતું કે, ટેકનોલોજીની પ્રગતિ આવા પ્રયાસોને પ્રોત્સાહિત કરે છે. કોવિડ-19, આતંકવાદી કૃત્યો અથવા આબોહવા પરિવર્તનની ઘટનાઓની અસર જેવા વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સહિયારા પ્રયાસની જરૂરીયાત પર તેમણે ભાર મૂક્યો હતો.

ડૉ. જયશંકરે કહ્યું કે, પ્રભાવશાળી રાષ્ટ્રો વચ્ચે નવી સમજણ અને ગાઢ સંબંધો બનાવવાથી વૈશ્વિક વ્યવસ્થાને સ્થિર કરવામાં મદદ મળશે. મંત્રીએ ઉમેર્યું હતું કે, ભારત અને દક્ષિણ કોરિયા જહાજ નિર્માણ, ડિજિટલ, આરોગ્ય, માળખાગત સુવિધા અથવા સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં એકબીજાના પૂરક છે.

# SAMVIDHAAN HATYA DIWAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સંવિધાન હત્યા દિવસ નિમિત્તે કટોકટી દરમિયાન લોકશાહી મૂલ્યોના રક્ષણમાં અડગ રહેલા તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, કટોકટી, બંધારણ પર સીધો હુમલો હતો. જેમાં નાગરિકોની અભિવ્યક્તિની સ્વતંત્રતા પર નિયંત્રણો અને રાજકીય નેતાઓ, પત્રકારો અને સામાજિક કાર્યકરોની ધરપકડ કરાઈ હતી.

શ્રી મોદીએ કહ્યું કે, બંધારણ 140 કરોડ ભારતીયોની આકાંક્ષાઓ, અધિકારો અને ફરજોને મૂર્તિમંત કરે છે. તેમણે ભાર મૂક્યો કે, ભારત ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના સિદ્ધાંતોનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને 1975માં જાહેર કરાયેલી કટોકટી અંગે કહ્યું કે, કટોકટી એ સમયની યાદ અપાવે છે, જ્યારે બંધારણીય મૂલ્યોની ગંભીર કસોટી કરવામાં આવી હતી.

ગૃહમંત્રી અમિત શાહે કટોકટી સામે લડનારા લોકશાહીના લડવૈયાઓને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે 25 જૂન, 1975 એ ભારતીય લોકશાહીમાં એક કાળું પ્રકરણ હતું. જ્યારે તત્કાલીન સરકારે બંધારણ, પ્રેસની અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને નબળી પાડવાનો પ્રયાસ કર્યો હતો.

# DAY GOYAL - UK VISIT

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ આજથી લંડન અને યુકેની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે જશે. મુલાકાત દરમિયાન તેઓ આગામી મહિનાની 15મી તારીખથી અમલમાં આવનારા ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર (CETA) અને સાથી ડબલ કોન્ટ્રીબ્યુશન કન્વેન્શન (DCC) ના અમલીકરણ માટેની તૈયારીઓની સમીક્ષા કરશે. આ મુલાકાત બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંબંધોને નવી ગતિ આપશે તેવી શક્યતા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RAM JANMABHOOMI SC

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા પ્રાપ્ત દાનની કાર્યવાહીની કોર્ટ-નિરીક્ષણ હેઠળ તપાસની માંગ કરતી પીઆઈએલ પર તાત્કાલિક સુનાવણી કરવાનો આજે સુપ્રીમ કોર્ટે ઇનકાર કર્યો હતો. જોકે, કોર્ટે અરજદારને ખાતરી આપી હતી કે આ મામલો યોગ્ય સમયે સૂચિબદ્ધ કરવામાં આવશે.

અરજદાર એડવોકેટ નરેન્દ્ર કુમાર ગોસ્વામીએ વ્યક્તિગત રીતે હાજર રહીને, ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને જોયમલ્યા બાગચીની બેન્ચ સમક્ષ રજૂઆત કરી હતી કે, તેમની વિનંતી મહત્વપૂર્ણ પુરાવાઓની જાળવણી સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક સૂચિબદ્ધ કરવામાં આવે.

અરજીમાં સીસીટીવી ફૂટેજ, ડિજિટલ ચુકવણી રેકોર્ડ અને અયોધ્યાના રામ મંદિરમાં દાન અને પ્રસાદ સંબંધિત અન્ય પુરાવાઓની જાળવણીની માંગ કરવામાં આવી છે. આ અરજીમાં ટ્રસ્ટ દ્વારા પ્રાપ્ત દાનના ફોરેન્સિક ઓડિટ અને મંદિર ભંડોળ વ્યવસ્થાપનમાં વધુ પારદર્શિતાની પણ માંગ કરવામાં આવી છે.

આ અરજીમાં કથિત નાણાકીય અનિયમિતતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા આદેશ આપવામાં આવેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ દ્વારા ચાલી રહેલી તપાસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અરજદારે સ્પષ્ટતા કરી હતી કે આ કેસ ફક્ત દાનના વહીવટ સાથે સંબંધિત છે અને ધાર્મિક પ્રથાઓમાં દખલ નથી.

દરમિયાન, લખનૌના ડિવિઝનલ કમિશનર વિજય વિશ્વાસ પંતની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની SIT એ તાજેતરમાં રાજ્ય સરકારને તેના પ્રારંભિક તારણો સુપરત કર્યા છે, અને મંદિર ભંડોળના કથિત ઉચાપતની વિગતવાર તપાસ ચાલી રહી છે.

# REV. SPOKE AND HUB- VARANASI AIRPORT

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ આજે ઉત્તર પ્રદેશના વારાણસીમાં લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી પ્રથમ "ઇઝી કનેક્ટ" ફ્લાઇટ સેવાનો પ્રારંભ કરાવ્યો.

હબ-એન્ડ-સ્પોક મોડેલ હેઠળ શરૂ કરાયેલી આ ફ્લાઇટ વારાણસીને દિલ્હી દ્વારા વિશ્વભરના વિવિધ દેશો સાથે જોડશે. તેમણે જાહેરાત કરી કે, આગામી છ અઠવાડિયામાં આ હબ-એન્ડ-સ્પોક મોડેલ સાથે છ વધુ એરપોર્ટ જોડવામાં આવશે.

આ પ્રસંગે બોલતા શ્રી નાયડુએ જણાવ્યું કે, નવી સિસ્ટમ મુસાફરોને તેમના વતનથી આંતરરાષ્ટ્રીય મુસાફરી સરળતાથી શરૂ કરવા સક્ષમ બનાવશે. તેમણે કહ્યું છેલ્લા 12 વર્ષમાં દેશના ઉડ્ડયન ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે.2014 માં, દેશમાં 74 એરપોર્ટ કાર્યરત હતા, જે હવે 160 થી વધુ થયા છે.

# CBI - DIGITAL ARREST

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ એક મોટા ડિજિટલ એરેસ્ટ કૌભાંડના સંબંધમાં ચેન્નાઈ અને કોલકાતાથી બે વ્યક્તિઓની ધરપકડ કરી છે, અને પંજાબ, ગુજરાત, દિલ્હી અને મહારાષ્ટ્ર સહિત 16 રાજ્યોમાં 80 થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા છે.

એજન્સીએ જણાવ્યું હતું કે દેશભરમાં ડિજિટલ ધરપકડ કૌભાંડના 200 થી વધુ કેસોમાં કથિત રીતે સંડોવાયેલા નેટવર્કની તપાસના ભાગ રૂપે ઓપરેશન ચક્ર-6 હેઠળ દરોડા પાડવામાં આવ્યા હતા.

CBI અનુસાર, ધરપકડ કરાયેલા વ્યક્તિઓ શેલ કંપનીઓનો અને મ્યુલ બેંક ખાતા ખોલવામાં અને ચલાવવામાં સામેલ હતા. આ ખાતાઓનો ઉપયોગ ગુનામાંથી લગભગ બે કરોડ રૂપિયાની શંકાસ્પદ રકમને જમા કરવા માટે કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે.

# DAY KOLKATA ACCIDENT

કોલકાતામાં તારાતલા દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને 9 થઈ છે. આ ઘટના બાદ કુલ 29 લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ આજે રાજ્ય વિધાનસભામાં માહિતી આપતા આ ઘટના માટે જવાબદારો સામે કડક કાર્યવાહી કરાશે તેમ જણાવ્યું હતું. તેમણે દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનો માટે 10 લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તો માટે 1 લાખ રૂપિયાની જાહેરાત કરી છે.

દરમિયાન, આ ઘટનાની તપાસ માટે એક ખાસ તપાસ ટીમની રચના કરવામાં આવી છે. આ કેસમાં અત્યાર સુધીમાં કમલ સામંત સહિત 5 લોકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ગઈકાલે 3 લોકોની ધરપકડ કરાઇ હતી.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અકસ્માતમાં મૃત્યુ પામેલા દરેક વ્યક્તિના પરિવારને 2 લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે.

# DAY. FIFA WORLD CUP

ફીફા ફૂટબોલ વિશ્વકપમાં, દક્ષિણ આફ્રિકા દક્ષિણ કોરિયા સામે 1-0 થી વિજય મેળવીને પ્રથમ વખત ફિફા વર્લ્ડ કપના નોકઆઉટ તબક્કામાં પ્રવેશ્યું.

મેક્સિકોએ ચેક રિપબ્લિકને 3-0 થી હરાવીને પ્રથમ વખત વિશ્વ કપની ગ્રુપ-સ્ટેજ મેચ જીતી લીધી. મોરોક્કોએ પણ હૈતીને 4-2 થી હરાવીને નોકઆઉટ તબક્કામાં પ્રવેશ કર્યો હતો

પાંચ વખતના વિશ્વ કપ વિજેતા બ્રાઝિલે મિયામીમાં સ્કોટલેન્ડને 3-0 થી હરાવ્યું.. આ જીત સાથે, બ્રાઝિલ ગ્રુપ C ના વિજેતા તરીકે નોકઆઉટ તબક્કામાં પહોંચ્યું હતું. તો બોસ્નિયા અને હર્ઝેગોવિના સામે 3-1થી હાર બાદ કતાર સ્પર્ધામાંથી બહાર થઈ ગયું છે. સ્વિટ્ઝર્લૅન્ડે કેનેડા સામે 2-1થી વિજય મેળવ્યો હતો.

# FIFA SUSPENDS ANFA

FIFA એ ઓલ નેપાળ ફૂટબોલ એસોસિએશનને સસ્પેન્ડ કર્યું છે. આ સસ્પેન્શન FIFAના નિયમોના ઉલ્લંઘન અને તૃતીય પક્ષની દખલગીરી માટે કરાયું છે. ગઇકાલથી અમલમાં આવેલા આ સસ્પેન્શનનો અર્થ એ છે કે નેપાળની રાષ્ટ્રીય ટીમો અને ક્લબોને આગામી સૂચના સુધી તમામ FIFA અને AFC સ્પર્ધાઓમાં ભાગ લેવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. FIFA એ જણાવ્યું હતું કે જ્યાં સુધી આ મામલો ઉકેલાય નહીં ત્યાં સુધી સસ્પેન્શન યથાવત રહેશે.